RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 170 * Date: 13.4.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દુનિયામાં ફરી સર્જાશે ઓઈલ સંકટ? શાંતિ મંત્રણા નિષ્ફળ રહ્યા બાદ ટ્રમ્પના નવા પ્લાનથી ટેન્શન વધ્યું



પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ઈરાની ક્રૂડના નળ ધમધમવા લાગ્યા છે. યુદ્ધ શરૂ થયા પછી ઈરાને ક્રૂડના વેચાણ દ્વારા બમ્પર કમાણી કરી છે. હોર્મુઝ પર નિયંત્રણ હોવાને કારણે તે પોતાના ક્રૂડનું મનફાવે તેમ નિકાસ કરી રહ્યું છે. બીજી તરફ, ખાડીના અન્ય ઘણા દેશો માત્ર તેને આવું કરતા જોઈ રહ્યા છે. પણ હવે ફરીથી બાજી બદલાઈ શકે છે. અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે સંભવિત નૌસેના નાકાબંધીનો સંકેત આપ્યો છે. આ સંકેત ઈસ્લામાબાદમાં બંને પક્ષો વચ્ચેની વાતચીત કોઈ કરાર વિના પૂરી થયા બાદ આવ્યો છે. ભારત માટે પણ આ ઘટનાક્રમના ઘણા અર્થ છે.૨૧ કલાકથી વધુ સમય ચાલેલી વાતચીત નિષ્ફળ ગયાના થોડા કલાકો બાદ ટ્રમ્પે એક ન્યૂઝ આર્ટિકલ શેર કર્યો. તેનું શીર્ષક હતું, 'ટ્રમ્પનું એ 'ટ્રમ્પ કાર્ડ' જે રાષ્ટ્ર પ્રમુખ પાસે છે, જો ઈરાન નમતું નથી જોખતું, એક નૌસેના નાકાબંધી.' તેમાં વેનેઝુએલા વિરુદ્ધ અમેરિકાની અગાઉની વ્યૂહરચનાનો ઉલ્લેખ છે, જ્યાં ક્રૂડમાંથી થતી કમાણી રોકીને અર્થતંત્રને ઘૂંટણિયે લાવવા માટે નૌસેના નાકાબંધીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.બ્લૂમબર્ગે અગાઉ એક રિપોર્ટમાં જણાવ્યું હતું કે યુદ્ધ શરૂ થયા પછી ઈરાને તેલના વેચાણથી કરોડો ડોલરની વધારાની કમાણી કરી છે. આ ફાયદો એટલા માટે થયો કારણ કે ઈરાન એવા જૂજ મોટા નિકાસકારોમાંનું એક રહ્યું છે જે હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ ચાલુ રાખવામાં સક્ષમ છે. બીજી તરફ, ખાડીના અન્ય ઉત્પાદકો પાસેથી થતા માલસામાનના પરિવહનમાં ભારે વિક્ષેપ પડ્યો છે.

રિપોર્ટમાં સૂચવવામાં આવ્યું છે કે હવે ઈરાન પર પણ આ જ પદ્ધતિ અજમાવી શકાય છે. કારણ એ છે કે અમેરિકાના નૌસેનાના જહાજો પહેલેથી જ આ વિસ્તારમાં તૈનાત છે. તેમાં ॅજીજી જેરાલ્ડ ફોર્ડ અને ॅજીજી અબ્રાહમ લિંકન કેરિયર ગ્રુપ સામેલ છે. જે દેખરેખ અને કાર્યવાહીમાં મદદ કરી શકે છે.

રિપોર્ટમાં જે નિષ્ણાતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમનું કહેવું છે કે અમેરિકન નેવી હોર્મુઝ સ્ટ્રેટમાંથી થતા દરિયાઈ ટ્રાફિક પર નિયંત્રણ કરી શકે છે. આ દુનિયા માટે તેલનો ખૂબ જ મહત્વપૂર્ણ માર્ગ છે. રાષ્ટ્રીય સુરક્ષા નિષ્ણાત રેબેકા ગ્રાન્ટે 'જસ્ટ ધ ન્યૂઝ' ને જણાવ્યું હતું કે, 'અમેરિકન નેવી માટે હવે આ સ્ટ્રેટમાંથી શું પસાર થાય છે અને શું નહીં, તેના પર સંપૂર્ણ નિયંત્રણ રાખવું ખૂબ જ સરળ હશે.' તેમણે વધુમાં ઉમેર્યું કે આ વિસ્તારમાં નૌસેનાની હિલચાલ વધવાથી એવો સંકેત મળે છે કે અમેરિકા આ સાંકડા દરિયાઈ માર્ગ પરથી પસાર થતા જહાજો પર નજર રાખી શકે છે અને કદાચ તેમને રોકી પણ શકે છે. આ આર્ટિકલમાં અન્ય કડક વિકલ્પોનો પણ ઉલ્લેખ છે.

## ભારત માટે મહત્વ

-ભારત તેની તેલની જરૂરિયાતોનો મોટો હિસ્સો ખાડી દેશોમાંથી આયાત કરે છે.

-આ માર્ગ ઈરાન અને ઓમાન વચ્ચે સ્થિત પાણીના સાંકડા રસ્તા હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે.

-ખાડીના અન્ય દેશોની સરખામણીમાં માત્ર ઈરાન જ આ માર્ગનો અવરોધ વગર ઉપયોગ કરી રહ્યું છે.

-જો પ્રાદેશિક તણાવને કારણે અન્ય ઉત્પાદકોના શિપમેન્ટમાં અવરોધ ઊભો થાય છે, તો ભારતની મુશ્કેલીઓ વધી શકે છે.

-તેણે તેલની અછત અને વૈશ્વિક બજારમાં વધતી કિંમતોનો સામનો કરવો પડી શકે છે.

# સીમાંકન પહેલાં મહિલા ક્વોટાનો રાજકીય સાધન તરીકે ઉપયોગ થઈ રહ્યો છેઃ તમિલનાડુના સીએમ સ્ટાલિન

ચેન્નાઈ,

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને મહિલા અનામત અંગે કેન્દ્રની આકરી ટીકા કરી છે અને વસ્તીના આધારે સીમાંકન કવાયત હાથ ધરતા પહેલા વિરોધ પક્ષનો સામનો કરવા માટે તેનો ×હથિયાર× તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે.×કેન્દ્ર સરકાર મહિલાઓ માટે અનામત લાગુ કરવા અંગે ચિંતિત નથી. જો તેમની ચિંતાઓ સાચી હોત, તો તેઓ તે તરત જ કરી શક્યા હોત. તેમ કરવાને બદલે, ભાજપની આગેવાની હેઠળનું કેન્દ્ર વિરોધ પક્ષનો સામનો કરવા અને વસ્તીના આધારે સીમાંકન કવાયત હાથ ધરવા માટે તેનો ઉપયોગ હથિયાર તરીકે કરવાનું વિચારી રહ્યું છે,× તેમણે એક મુલાકાતમાં પીટીઆઈને જણાવ્યું હતું.×તેથી, સીમાંકનને કારણ તરીકે દર્શાવ્યા વિના મહિલા અનામત તાત્કાલિક લાગુ કરવી જોઈએ,× ડીએમકે પ્રમુખે ઉમેર્યુંપ્રસ્તાવિત સીમાંકન કવાયત પર આશંકા વ્યક્ત કરતા, મુખ્યમંત્રીએ કહ્યું કે તે ડીએમકે હતું જેણે પ્રસ્તાવિત કવાયતથી તમિલનાડુ પ્રભાવિત થશે તે સમજ્યા પછી રાજ્યના અધિકારોનો દાવો કરતો પહેલો અવાજ ઉઠાવ્યો હતો. તેમણે સીમાંકન મુદ્દા પર તેમના હરીફ અને એઆઈએડીએમકેના વડા એડાપ્પડી કે પલાનીસ્વામી પર પણ પ્રહાર કર્યા.વસ્તી આધારિત સીમાંકનના મુદ્દાને ઉઠાવવા માટે ડીએમકે દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને યાદ કરતાં તેમણે કહ્યું કે વાજબી સીમાંકન માટે સંયુક્ત કાર્યવાહી સમિતિના નેજા હેઠળ એક સર્વપક્ષીય બેઠક અને મુખ્યમંત્રીઓની બેઠક બોલાવવામાં આવી હતી. તેમાં ૨૫ વર્ષ માટે સીમાંકન સ્થિર કરવાનો અને ૧૯૭૧ ની વસ્તી ગણતરીના આધારે તેનું પાલન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# અમને અમેરિકા પર વિશ્વાસ નથી' ઈસ્લામાબાદમાં મંત્રણા નિષ્ફળ ગયા બાદ ઈરાનના સ્પીકરનું નિવેદન

પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સમજૂતી કરવા માટેની બે દિવસથી બેઠક ચાલી રહી છે, જોકે હજુ સુધી બંને દેશો વચ્ચે કોઈપણ સમજૂતી થઈ શકી નથી. બેઠકને લઈને ઈરાન સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ગાલિબફે કહ્યું કે, ઈરાન સારી નિયતથી વાતચીત કરવા આવ્યું હતું, જોકે અમેરિકા ઈરાનનો વિશ્વાસ હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યું છે.

ગાલિબફે રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર અનેક પોસ્ટ કરી છે. તેમણે કહ્યું છે કે, ઈરાને સારી નિયતથી વાતચીત શરૂ કરી હતી, જોકે અગાઉ વિવાદોના કારણે અમેરિકા પર વિશ્વાસ કરી શકાય તેમ નથી. છેલ્લા બે યુદ્ધના અનુભવના કારણે અમે બીજીતરફવાળા પર કોઈપણ ભરોસો નથી. ઈરાનના પ્રતિનિધિમંડળે બેઠકમાં રજૂ કરેલા પ્રસ્તાવ પર કોઈ ધ્યાન અપાયું નથી.ઉલ્લેખનીય છે કે, અમેરિકા-ઈઝરાયલ સંયુક્ત રીતે ઈરાન સાથે એક મહિનાથી વધુ દિવસ સુધી યુદ્ધ કર્યું હતું, ત્યારપછી અમેરિકા-ઈરાન વચ્ચે ૧૪ દિવસના યુદ્ધવિરામની જાહેરાત કરી દેવામાં આવી છે. હવે યુદ્ધવિરામ પછી પણ યુદ્ધ ન થાય તે માટે પાકિસ્તાનની રાજધાની ઈસ્લાબાદમાં બંને દેશોના પ્રતિનિધિમંડળ વચ્ચે બેઠક યોજાઈ છે. શનિવારે અને રવિવારે યોજાયેલી બેઠકમાં ૨૧ કલાક સુધી વાતચીત ચાલી હતી, જોકે હજુ સુધી કોઈપણ પરિણામ સામે આવ્યું નથી. બંને દેશો મતભેદ દૂર કરવામાં નિષ્ફળ ગયા છે. રિપોર્ટ મુજબ બેઠકમાં ઈરાનના ન્યૂક્લિયર કાર્યક્રમને લઈને વિવાદ ઉભો થયો છે.ઈરાની સ્પીકરે કહ્યું છે કે, 'અમેરિકાએ અમારા તર્ક અને સિદ્ધાંતો સમજી લીધા છે, જોકે હવે એ સમય આવ્યો છે કે, અમેરિકા અમારો વિશ્વાસ જીતી શકે છે કે નહીં. અમે અમારા દેશના અધિકારને જાળવી રાખવા માટે સૈન્ય લડતનો ઉપયોગ કરવા માંગતા નથી, પરંતુ અમે ડિપ્લોમેસીને પણ માનીએ છે. ઈરાન પોતાની નેશનલ ડિફેન્સ ક્ષમતા વધારવાનો પ્રયાસો ચાલુ રાખશે.

ઈરાની સ્પીકરે ઈસ્લામાબાદમાં વાતચીત કરવામાં મદદ કરવા બદલ પાકિસ્તાનો આભાર માન્યો છે. તેમણે કહ્યું કે, પાકિસ્તાને અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધવિરામ કરાવવામાં મુખ્ય ભૂમિકા નિભાવી છે.

# માડી તારું કંકુ ખર્યું' થી 'છાનું રે છપનું' સુધીઃ આશા ભોસલેએ ગાયેલા એવરગ્રીન ગુજરાતી ગીતો, જે દરેકના હૈયે વસેલા છે



દેશના સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોસલેનું આજે(૧૨ એપ્રિલ) ૯૨ વર્ષની વયે નિધન થયું છે. તેમને કાર્ડિયાક અરેસ્ટ શનિવારે રાત્રે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં તેમનું સારવાર દરમિયાન નિધન થયું છે. તેમના અંતિમ સંસ્કાર આવતીકાલે સાંજે ૪ વાગ્યે થશે. આશા ભોસલેના નિધનથી માત્ર સિનેમા જગતના લોકો જ દુઃખી જ નથી, પરંતુ અનેક દિગ્ગજ નેતા પણ દિગ્ગજ સિંગરથી દુઃખમાં છે. તેમણે માત્ર હિન્દી જ નહીં પણ ભારત દેશની અનેક ભાષાઓમાં ગીતો ગાયા હતાં.ખાસ કરીને ગુજરાતી સંગીત સાથે તેમનો નાતો ખૂબ જ જૂનો અને અતૂટ રહ્યો છે. ગુજરાતી સિનેમાના સુવર્ણકાળ દરમિયાન આશા ભોસલેએ ઘણા યાદગાર ગીતો ગાયા હતા. ગુજરાતી સુગમ સંગીતથી લઈને ફિલ્મી ગીતો સુધી, આશાજીએ એવા અનેક ગીતો આપ્યા છે જે આજે પણ દરેક ગુજરાતીના હૈયે વસેલા છે.ગુજરાતી ફિલ્મોની વાત કરવામાં આવે તો આશા ભોંસલેએ ગુજરાતી સંગીતના દિગ્ગજ સંગીતકારો જેવા કે અવિનાશ વ્યાસ, ક્ષેમુ દિવેટિયા અને આજીત મર્ચન્ટ સાથે ઘણું કામ કર્યું છે. આશા ભોસલેએ અવિનાશ વ્યાસના સંગીત નિર્દેશન હેઠળ અનેક સુપરહિટ ગીતો ગાયા છે. તેમણે અનેક ગુજરાતી ફિલ્મોમાં ગીતો ગાયા હતા.આશા ભોસલેએ માત્ર ગીતો જ નથી ગાયા, પરંતુ ગુજરાતી ગઝલ અને કવિતાઓને સામાન્ય જનતા સુધી પહોંચાડવામાં મોટું યોગદાન આપ્યું છે.

### આશાજીએ ગાયેલા પ્રખ્યાત ગુજરાતી ગીતો, જેમાં કેટલાક જુગલબંધીમાં ગાયેલા છે

છેલાજી રે, મારે હાટું પાટણથી પટોળાં મોઘા લાવજો
છાનું રે છપનું કંઇ થાય નહિં
તારી વાંકી રે પાઘલડીનું ફુમતું રે
એક પાટણ શેરની નાર પદમણી
તારો લટકો છે સવા લાખનો
ધમક ધમક ધમ સાંબેલુ
માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો
સોના વાટકડી રે કેસર ઘોળ્યા વાલમીયા
મારા પાલવડે બાંધ્યો જશોદાનો જાયો..
ખમ્મા મારા નંદજીના લાલ
તારા ફળીયામાં પગ નહી મેલુ
ક્યાં રમી આવ્યા રાસ...
ઉંચી તલાવડીની કોર..
છલકાતુ આવે બેડલું
હે રંગલો જામ્યો..
માનું ગગન ઘેરાઈ ગયું..
ઉભી શેરીને ઉભી બજાર..

# અમરનાથ યાત્રા 3 જુલાઈથી શરૂ થશે, રજિસ્ટ્રેશન ૧૫ એપ્રિલથી



દક્ષિણ કાશ્મીરમાં સ્થિત અમરનાથ ગુફા મંદિરની યાત્રા ૩ જુલાઈથી શરૂ થવાની છે. આ માહિતી રવિવારે જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા દ્વારા શેર કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે અને ૫૭ દિવસ પછી, ૨૮ ઓગસ્ટના રોજ પૂર્ણ થશે.યાત્રા માટેની તારીખો અંગેનો નિર્ણય મનોજ સિન્હાની અધ્યક્ષતામાં શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ (SASB) ની બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો. તેમણે જાહેરાત કરી હતી કે યાત્રા માટે નોંધણી ફરજિયાત રહેશે અને તે ૧૫ એપ્રિલથી શરૂ થવાની છે. શ્રદ્ધાળુઓ માટે લઘુત્તમ વય મર્યાદા ૧૩ વર્ષ નક્કી કરવામાં આવી છે, જ્યારે મહત્તમ વય મર્યાદા ૭૦ વર્ષ છે.દક્ષિણ કાશ્મીરમાં સ્થિત અમરનાથ ગુફા મંદિરની યાત્રા ૩ જુલાઈથી શરૂ થવાની છે. આ માહિતી રવિવારે જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા દ્વારા શેર કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે અને ૫૭ દિવસ પછી, ૨૮ ઓગસ્ટના રોજ પૂર્ણ થશે.યાત્રા માટેની તારીખો અંગેનો નિર્ણય મનોજ સિન્હાની અધ્યક્ષતામાં શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ (SASB) ની બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો.

# તાપીમાં બે બાઈક સામ સામે અથડાતા 3 યુવકોના કરુણ મોત

તાપી જિલ્લામાં એક ભયાનક અકસ્માતની ઘટના સામે આવી છે. ઉચ્છલ-નિઝર હાઈવે પર ભયાનક અકસ્માત સર્જાતા ત્રણ યુવકોના કરુણ મોત નિપજયા છે. આ અકસ્માત નિઝર તાલુકાના ગામડી ગામની સીમમાં થયો હતો. જેમાં બે બાઈક સામસામે અથડાતા ઘટનાસ્થળે જ ત્રણેય યુવકોના મોત થયા હતા.તાપી જિલ્લાના રૂમકિતલાવ ગામના શ્રાવણ વસાવા અને સંદીપ વસાવા તેમજ વડપાડા ગામના ઋષિકેશ વળવી આ અકસ્માતમાં ભોગ બન્યા છે. આ ઘટનાથી પંથકમાં શોકની લાગણી ફેલાઈ છે. પરિવારો એ પોતાના જુવાન છોકરાઓ ગુમાવ્યા છે. જ્યારે ગામલોકોમાં પણ ભારે દુખની લાગણી જોવા મળી રહી છે. આ અકસ્માતમાં એક યુવક વિનુ વળવી જે રૂમકિતલવનો રહેવાસી છે, તેને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.તાપી જિલ્લામાં થોડા સમય અગાઉ જ આ રીતની ઘટના બની હતી. જેમાં પણ દસમાં ધોરણની બોર્ડની પરીક્ષા આપી પરત ફરી રહેલા યુવકોની બાઈક સામ સામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ યુવકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા.

પોલીસ યોગ્ય પગલા ભરીને પૂરપાટે બાઈક ચલાવતા લોકો પણ તેનું પાલન કરે અને કોઈ અકસ્માત ના સર્જાય.ઘટના અંગે તાપી જિલ્લાના નિઝર ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે, અંદાજિત સારવારના અરસામાં નિઝર તાલુકાના ગામડી ગામ પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ યુવકોના મોત નીપજ્યા હતા. સાથે એક યુવકને ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

**તંત્રી લેખ....**

# સરકાર આયાત નિકાસ પર બાજ નજર રાખશે, સમીક્ષા પણ કરાશે

વાણિજ્ય મંત્રાલય નિકાસ અને આયાત વલણો અને પ્રાદેશિક તણાવ સૂચકાંકોનું નિરીક્ષણ કરવા માટે હવે સાપ્તાહિક દેખરેખ પદ્ધતિ સ્થાપિત કરશે. વૈશ્વિક તણાવને કારણે સપ્લાય ચેઇન વિક્ષેપો, લોજિસ્ટિકલ અવરોધો અને વધતા ખર્ચ ઉદ્યોગને અસર કરી શકે છે તેવી ચિંતા વચ્ચે આ પગલું ભરવામાં આવ્યું છે. તાજેતરમાં યોજાયેલી બેઠકોમાં, નિકાસકારોએ પેકેજિંગ સામગ્રીના વધતા ખર્ચ અને આંતરરાષ્ટ્રીય પાણીમાં, ખાસ કરીને પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં જહાજની હિલચાલમાં વિક્ષેપો અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં નોંધવામાં આવ્યું હતું કે વર્તમાન વૈશ્વિક વિકાસ પોલિમર અને રેઝિન જેવા મુખ્ય પેટ્રોકેમિકલ સામગ્રીની ઉપલબ્ધતા અને ભાવને અસર કરી શકે છે. આનાથી તમામ ક્ષેત્રોમાં પેકેજિંગ સામગ્રીના ખર્ચમાં વધારો થઈ શકે છે.ઉદ્યોગ પ્રતિનિધિઓએ મહત્વપૂર્ણ સામગ્રીના ભાવમાં વધારો નોંધ્યો, જે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) પર ખાસ દબાણ લાવી રહ્યો છે. નિકાસકારોએ જણાવ્યું હતું કે લોજિસ્ટિકલ અવરોધો અને વધતા ખર્ચથી વસ્ત્રો, ચામડું, ટેલિકોમ્યુનિકેશન અને તબીબી ઉપકરણો જેવા ઉદ્યોગોને અસર થઈ શકે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે તમામ હિસ્સેદારોએ એલએનજી, હિલિયમ અને પેટ્રોકેમિકલ ડેરિવેટિવ્ઝ જેવા આવશ્યક ઇનપુટ્સની સતત ઉપલબ્ધતા તેમજ પ્રવાહિતા સુધારવા માટે જીએસટી રિફંડના તાત્કાલિક પ્રકાશનના સંદર્ભમાં સહાયની જરૂરિયાત પર તેમજ સ્થાનિક ઉત્પાદન ક્ષમતાનું મૂલ્યાંકન અને આયાત નિર્ભરતાને ઓળખવા સહિત આવશ્યક પેકેજિંગ ઇનપુટ્સનું સમયસર મૂલ્યાંકન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## ઈરાન અમેરિકા પાકિસ્તાન ખાતે વાટાઘાટો નિષ્ફળ,યુદ્ધ ના ભણકારા

**. યુદ્ધ ચાલુ રહે તો વૈશ્વિક અર્થતંત્રમાં નિશ્ચિતપણે એક ટકા સુધીનો નોંધપાત્ર ઘટાડો થાય તેવી સંભાવના**

**. અમેરિકા ઈરાન યુદ્ધે આખા વિશ્વની સ્થિતિ ખરાબ કરી છે ફ્રુડ ઓઈલ ના ભાવ એક મહિના કરતાં પણ વધુ સમયથી પ્રતિ બેરલ ૧૦૦ ડોલરથી ઉપર છે તેના લીધે વિશ્વભરના શેરબજારમાં ઘટાડો થયો છે હજી સુધી કશું થયું નથી ખરાબ સમય આવવાનો બાકી છે તેમ યુદ્ધ પૂરું થયા બાદ પરિસ્થિતિ વધુ ખરાબ થવાની છે યુદ્ધ પૂરું થયા બાદ તેના કારણે થયેલું નુકસાન લાંબા સમય સુધી રહી શકે છે.....**

**સાઉદી અરેબિયામાં પાકિસ્તાનના ૧૩૦૦૦ સૈનિકો અને ૧૮ લડાખુ વિમાન તૈનાત કરાયા**

**. બંને દેશો વચ્ચે સંરક્ષણ કરાર હેઠળ પાકિસ્તાની વાયુ સેનાના વિમાનો કીગ અબ્દુલ અઝીઝ એરબેઝ પર ખડકાયા........**

**હોમુઝે સામુદ્રધુની મા અમેરિકા યુદ્ધ જહાજો ના પ્રવેશ મુદ્દે વિવાદ**

**. ઈસ્લામા બાદમાં મંત્રણા નિષ્ફળ રહ્યા બાદ યુદ્ધના ભણકારા અમેરિકા અને ઈરાન વચ્ચે ટ્વીટર યુદ્ધ શરૂ જે રણ મેદાનમાં જીતી ન શક્યા ટેબલ પર પણ નહીં**

**. ઈરાન એ અમેરિકાની અંતિમ ઓફર ફગાવી કડક જવાબ આપ્યો હોમુઝે મા દરિયાઈ સુરંગ ઓ સાફ કરવાના દાવાને ઈરાની સેનાએ જુઠ્ઠો ગણાવી વિશ્વ પર યુદ્ધ ના વાદળો .**

**. ઈરાન અને અમેરિકા વચ્ચેની ઐતિહાસિક શાંતિ વાટાઘાટો નિષ્ફળ જે ડીવેન્સ એ કરી જાહેરાત ઈરાન શરતો માનવા તૈયાર નથી**

**. અમે પરત ફરી રહયા છીએ પાકિસ્તાન ઈસ્લામાબાદ મા ૨૧ કલાક ચાલેલું મહામંથન બેનતીજા અમેરિકાની અંતિમ ઓફર ને ઈરાન એ ફગાવી દીધી. પરમાણુ હથિયાર અને. હોમુઝે ના વિવાદ વચ્ચે ગતિ રોધ યથાવત રહેતા ટ્રમ્પના આગામી નિર્ણય પર વિશ્વની નજર**

**. ઈરાન શરતો સ્વીકારે કે ન સ્વીકારે કોઈ ફરક પડતો નથી કારણ કે અમે જીતી ગયા છે ટ્રમ્પ નુ આક્રમક નિવેદન પરમાણુ કાર્યક્રમ અને હોમુઝેની સામુદ્રધુની મુદે મડાગાઠ યથાવત રહેતા મધ્યસ્થી પાકિસ્તાન ચિંતામાં.......**

**. ઈરાન અને અમેરિકા વાટાઘાટોમાં કોઈ સમજૂતી નહીં અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ જે ડી વોન્સ મંત્રણા છોડીને સ્વદેશ રવાના..**

# મોડાસા પો.સ્ટે.ના વાહન ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો



અરવલ્લી જીલ્લાની નાસતા ફરતા સ્કવોડ ટીમ દ્વારા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના મોટર સાયકલ ચોરીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી નવીનકુમાર ધુળાભાઈ ડોડીયાર (ઉ.વ.૩૨, રહે. છાત્રેશ્વરી) ને ઝડપી પાડવામાં આવ્યો છે.આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ-૨૦૨૬ ને અનુલક્ષીને રેન્જ આઈ.જી. શ્રી વિરેન્દ્રસિંહ યાદવ અને એસ.પી. શ્રી મનોહરસિંહ જાડેજાની સૂચના મુજબ તા. ૦૭/૦૪/૨૦૨૬ થી ૨૧/૦૪/૨૦૨૬ સુધી નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત એલ.સી.બી. પી.આઈ. એમ.એચ. ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમ નં-૧ ના માણસોએ બાતમીના આધારે આ આરોપીને ૧૧/૦૪/૨૦૨૬ના રોજ સાંજે ૧૮:૦૦ કલાકે મોડા,સા ખાતેથી ઝડપી પાડી બી.એન.એસ.,એસ. કલમ ૩૫(૧) મુજ, બ અટક કરી આગળની કાર્યવાહી માટે મોડાસા ટાઉન પોલીસને સોંપ્યો છે.

## પી.એમ. શ્રી ગુંથલી પ્રા.શાળામાં વિદાય સમારંભ યોજાયો



બાલાસિનોર તાલુકાની પી.એમ. શ્રી ગુંથલી પ્રાથમિક શાળામાં આજરોજ ધોરણ ૮માં અભ્યાસ પૂર્ણ કરતા વિદ્યાર્થીઓ માટે ભવ્ય અને લાગણીસભર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી એન. ડી. પરમારના માર્ગદર્શન હેઠળ આયોજનબદ્ધ રીતે યોજાયો હતો.કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તથા દીપ પ્રજ્વલન સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે સી.આર.સી. શ્રી નયનભાઈ તથા કેળવણી નિરીક્ષક શ્રી સમીરભાઈ વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંબોધન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત, સંસ્કાર, મહેનત અને સકારાત્મક વિચારધારા અપનાવી આગળ વધવાની સલાહ આપી હતી.શાળાના શિક્ષકશ્રીઓએ ધોરણ ૮ના વિદ્યાર્થીઓ સાથેના શૈક્ષણિક અને સહપાઠ્ય પ્રવૃત્તિઓના સંસ્મરણો વહેંચ્યા હતા. ધોરણ ૧થી ૮ સુધીના વિદ્યાર્થીઓએ ગીત, ભાષણ અને શુભેચ્છા સંદેશો દ્વારા વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓ પ્રત્યે લાગણી વ્યક્ત કરી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ ભાવુક બની ગયું હતું.વિદાય લેતા વિદ્યાર્થીઓએ પોતાના શાળા જીવનના અનુભવો રજૂ કરી શિક્ષકો અને શાળાપ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ધોરણ ૮ના વિદ્યાર્થીઓ દ્વારા શાળાને સ્મૃતિરૂપે ગિફ્ટ અર્પણ કરવામાં આવી હતી, જે તેમની શાળાપ્રતિની લાગણી અને જોડાણનું સુંદર પ્રતિબિંબ હતું.આચાર્યશ્રી એન. ડી. પરમારે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે શાળા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનું કેન્દ્ર છે અને અહીંથી પ્રાપ્ત થયેલા સંસ્કાર જીવનભર માર્ગદર્શન આપશે. શિક્ષકશ્રીઓએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.સમગ્ર કાર્યક્રમ આનંદમય, શિસ્તબદ્ધ અને લાગણીસભર વાતાવરણ વચ્ચે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. અંતે આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# વાંકાનેર ભાટીયા સોસાયટીમાં એસઓજીની રેડઃ ૯૩૫ ગ્રામ ગાંજા સાથે એક શખ્સ ઝડપાયો



- મોરબી જિલ્લા એસ.ઓ.જી. ટીમે વાંકાનેર શહેરના ભાટીયા સોસાયટી વિસ્તારમાં સફળ કામગીરી હાથ ધરી ગેરકાયદેસર માદક પદાર્થના વેપારમાં સંડોવાયેલા એક શખ્સને ઝડપી પાડ્યો છે.મળતી માહિતી મુજબ, રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક તથા મોરબી જિલ્લા પોલીસ અધીક્ષકના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટરે નાર્કોટિક્સ વિરોધી અભિયાન અંતર્ગત કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન એસ.ઓ.જી. ટીમને બાતમી મળી હતી કે વસીમભાઇ ઉર્ફે લાલો રફીકભાઇ બ્લોચ પોતાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો રાખી ખાનગી રીતે વેચાણ કરે છે.બાતમીના આધારે પોલીસ દ્વારા રેઈડ કરતા આરોપી પાસેથી કુલ ૯૩૫ ગ્રામ ગાંજો (કિંમત રૂપિયા ૪૬,૭૫૦) તથા એક મોબાઈલ ફોન (કિંમત રૂપિયા ૫,૦૦૦) સહિત કુલ રૂપિયા ૫૧,૭૫૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.આ મામલે પોલીસે એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી), ૨૦(બી)(૨-એ) અને ૨૯ મુજબ ગુનો નોંધાવી આરોપીને ઝડપી પાડ્યો છે. આગળની કાર્યવાહી વાંકાનેર સિટી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

# કડી પોલીસ સ્ટેશનમાં "અપહરણ તથા પોક્સો" ના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો




કડી પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૨૦૬૦૨૦૨૫૦૪૨૬ બી.એન.એસ. કલમ ૧૩૭(૨), ૮૭, ૫૪, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોક્સો એક્ટ ૪(૨), ૫(એલ), ૬, ૭, ૮, ૯(એલ), ૧૦ મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી સુરેશ શાંતિભાઈ ઠાકોર રહે, ભાટરામ તા.ધાનેરા જી.બનાસકાંઠા વાળો હાલમાં અમદાવાદ ખાતે રહેમતનગર વિસ્તારમાં આવેલ પન્ના એસ્ટેટથી અટકાયત કરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# નગરપાલિકા ચૂંટણીઃ અંતિમ ઘડીએ કોઈએ પક્ષ બદલ્યો તો કોઈએ અપક્ષમાં ફોર્મ ભરયા

૧.ભાજપથી નારાજ થઈ અપક્ષ ફોર્મ ભર્યું ગોપાલસિંહરાજપુત વોર્ડ નંબરઃ૦૩ માંથી ભાજપમાંથી ૨૯૩૦ મતે ૨૦૨૧માં ચૂંટણી જીત્યા હતા.પક્ષે ટિકિટ કાપતા અપક્ષ મા ફોર્મ ભર્યું છે

૨.ભાજપના પૂર્વકોર્પોરેટર કોંગ્રેસમાં જોડાયા અને ટિકિટ મળી ભાજપના પૂર્વકોર્પોરેટર દિનેશ પટ્ટણી ટિક્કિટ કપાતા નારાજગી વ્યક્તકરીને કોંગ્રેસ સાથે જોડાયા હતા. શનિવારે ફોર્મભરવાના અંતિમ દિવસે કોંગ્રેસે તેમનેટિકિટ આપીનેફોર્મભરાવ્યું છે.

૩.ટિકિટના મળવાના સંકેતથી અપક્ષમાં ઉભારહ્યાઃ

ડૉ.નરેશ દવે વોર્ડ નંબરઃ૦૯માં ૨૦૨૧માં અપક્ષમાંથી ચૂંટણી લડી ૩૧૬૪ મત મેળવી ભાજપમાં જોડાયા હતા ચાલુ વર્ષે ભાજપે ટિક્કિટ ન મળવાના સંકેતને ધ્યાને લઈ અપક્ષમાંથી ફોર્મ ભર્યું છે.

૪.ભાજપે ટિકિટના આપતા કોંગ્રેસમાંથી ફોર્મ ભર્યું મોહમ્મદહુસૈન અતા હુસેન ફારૂકી વોર્ડ નંબર : ૧૦માં વર્ષ ૨૦૨૧માં ભાજપમાંથી ચૂંટણી લડી ૩૦૯૪ મતમેળવ્યા . તેમની ટિક્કિટક્પાતા તેઓ કોંગ્રેસમાં જોડાઈને કોંગ્રેસની ટિકિટ સાથે ઉમેદવારી ફોર્મ ભર્યું.

૫.છેલ્લી ઘડીએ ટિક્કિટ કાપતા અપક્ષમાં ભર્યું. પૂર્વ કોર્પોરેટર સક્રિય કાર્યકર ચેતનાબેન પ્રજાપતિનું વોર્ડ નંબર સાતમાં ટિક્કિટ આપવાની વાત વચ્ચે નામ કપાતા તેઓએ અપક્ષમાંથી ઉમેદવારી કરી છે.

૬. રામનગરના ભાજપના અગ્રણીનેટિકિટ ના મળતા અપક્ષમાં ભર્યું.વોર્ડ૧૧માં રામનગરના અગ્રણી અને વિસ્તારના ભાજપના નેતા ગણાતા ભવનજી ઠાકોર ટિક્કિટ માગી હતી.છેલ્લી ઘડી સુધી આપવાની વાત બાદ ટિક્કિટ આપવામાં ના આવતા અપક્ષમાં ફોર્મભર્યું છે.

૭.કોંગ્રેસ આપવા માગતી હતી છતાં વિપક્ષના નેતા અપક્ષમાં ઊભારહ્યાઃ

કોંગ્રેસ દ્વારા ટિકિટ આપવામાં આવતી હોવાછતાં પણ વ્યક્તિગત પ્રભુત્વ સાથે ટિકિટલડવા માંગતા હોવાનું કહી ટિક્કિટની વહેચણી પૂર્વે તેમને પક્ષ સાથે છેડો ફાડી અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે.

# આશા ભોસલેના નિધનથી સિનેમા જગત અને રાજકીય નેતાઓમાં શોકની લહેર, PM મોદીએ દુઃખ વ્યક્ત કર્યું



ભારતીય સંગીતની દુનિયાના તેજસ્વી સિતારા અને કરોડો લોકોના પ્રિય ગાયિકા આશા ભોસલેનું નિધન થયું છે. તેમને ગઈકાલે(૧૧ એપ્રિલ) કાર્ડિયાક અરેસ્ટ આવતા મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન ૯૨ વર્ષની વયે તેમનું નિધન થયું છે. તેમના પુત્ર આનંદ ભોસલેએ આ દુઃખદ સમાચારની પુષ્ટિ કરી છે. તેમના પુત્ર આનંદ ભોસલેએ કહ્યું કે, મારા માતા આશા ભોસલેનું આજે નિધન થઈ ગયું છે. લોકો આવતીકાલ સવારે ૧૧ વાગ્યે લોઅર પરેલ સ્થિત કાસા ગ્રાંડેમાં તેમને અંતિમ શ્રદ્ધાંજલિ આપી શકે છે. કાલે ચાર વાગ્યે શિવાજી પાર્કમાં અંતિમ સંસ્કાર કરવામાં આવશે. આશાજીના નિધનના સમાચાર મળતા જ સંગીતકારો, બોલિવૂડ હસ્તીઓ અને રાજકીય નેતાઓમાં શોકની લહેર ફરી વળી છે. તેમના જવાથી ભારતીય સંગીત જગતમાં જે ખાલીપો પડ્યો છે તે ક્યારેય પુરી શકાય તેમ નથી.આશા ભોસલેના નિધન પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 'X' પર પોસ્ટ કરીને દુઃખ વ્યક્ત કર્યું અને લખ્યું, 'આશા ભોસલે જીના નિધનથી સંગીત જગતમાં એક ઊંડો શૂન્યાવકાશ સર્જાયો છે. એક પ્રતિષ્ઠિત ગાયિકા તરીકે તેમની શાનદાર કારકિર્દીએ ભારતમાં સંગીતના એક યુગને વ્યાખ્યાયિત કર્યો છે. મને તેમની સાથે થયેલી વ્યક્તિગત મુલાકાતોની સુખદ યાદો છે. તેમણે એક કલાકાર અને એક વ્યક્તિ તરીકે પોતાનું જીવન પોતાની રીતે જીવ્યું. પોતાની મધુર અને સદાબહાર અવાજથી તેમણે દાયકાઓ સુધી ભારતીય સંગીતને સમૃદ્ધ કર્યું. તેમનું સંગીત અમર રહેશે. તેમનું નિધન સંગીત પ્રેમીઓ માટે ક્યારેય ન પુરાય તેવી ખોટ છે. હું તેમના પરિવાર અને અગણિત ચાહકો પ્રત્યે મારી હાર્દિક સંવેદના વ્યક્ત કરું છું.'તેમની સાથેની મારી મુલાકાતોને હું હંમેશા યાદ રાખીશ

આશા ભોસલેના નિધન પર દુઃખ વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતના સૌથી પ્રતિકાત્મક અને સર્વતોમુખી અવાજોમાંના એક એવા આશા ભોસલે જીના નિધનથી ઊંડો આઘાત લાગ્યો છે. દાયકાઓ સુધી ફેલાયેલી તેમની અસાધારણ સંગીત યાત્રાએ આપણી સાંસ્કૃતિક વિરાસતને સમૃદ્ધ બનાવી અને વિશ્વભરના અસંખ્ય હૃદયને સ્પર્શ કર્યો. પછી તે તેમના આત્માને સ્પર્શી જાય તેવા મધુર ગીતો હોય કે જીવંત રચનાઓ, તેમના અવાજમાં હંમેશા તેજસ્વીતા ઝળકતી હતી. તેમની સાથેની મારી મુલાકાતોને હું હંમેશા યાદ રાખીશ.તેમના પરિવાર, પ્રશંસકો અને સંગીત પ્રેમીઓ પ્રત્યે મારી સંવેદના. તેઓ આવનારી પેઢીઓને પ્રેરણા આપતા રહેશે અને તેમના ગીતો લોકોના જીવનમાં કાયમ માટે ગુંજતા રહેશે.

# આશા ભોસલે માત્ર ગાયિકા જ નહીં, સફળ બિઝનેસ વુમન પણ હતા



સંગીત જગતના દિગ્ગજ ગાયિકા આશા ભોસલે ઉર્ફે 'આશા તાઈ'નું રવિવારે મુંબઈની બ્રિચ કેન્ડી હોસ્પિટલમાં નિધન થયું છે. ૯૨ વર્ષની વયે તેમણે અંતિમ શ્વાસ લીધા, જ્યાં તેમને કાર્ડિએક અરેસ્ટના કારણે દાખલ કરવામાં આવ્યા હતા. આશા ભોસલે માત્ર તેમના મધુર અવાજ માટે જ નહીં, પરંતુ એક સફળ બિઝનેસ વુમન તરીકે પણ જાણીતા હતા. ૧૯૪૩માં માત્ર ૧૦ વર્ષની ઉંમરે સંગીત સફર શરૂ કરનાર આશા તાઈએ પોતાના ૮૦ વર્ષના કરિયરમાં ૧૨,૦૦૦થી વધુ ગીતો ગાઈને એક અતૂટ ઈતિહાસ રચ્યો છે.રિપોર્ટ્સ અનુસાર, આશા ભોસલે પોતાના પાછળ અંદાજે ૮૦થી ૧૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ છોડી ગયા છે. તેમની આ કમાણીનો મુખ્ય સ્ત્રોત સંગીત અને તેમનો ફેલાયેલો રેસ્ટોરન્ટ બિઝનેસ હતો. મુંબઈ અને પૂણે જેવા શહેરોમાં તેમની પાસે કરોડોની કિંમતના લક્ઝરી ઘર છે. દક્ષિણ મુંબઈના પોશ વિસ્તારમાં આવેલ 'પ્રભાકુંજ' એપાર્ટમેન્ટ તેમનું નિવાસસ્થાન હતું, જેની કિંમત પણ કરોડોમાં આંકવામાં આવે છે. થોડા સમય પહેલા જ તેમણે પૂણેમાં પોતાનો એક એપાર્ટમેન્ટ અંદાજે ૬ કરોડ રૂપિયામાં વેચ્યો હોવાના અહેવાલો પણ સામે આવ્યા હતા.ગાયકી ઉપરાંત આશા ભોસલેએ બિઝનેસની દુનિયામાં પણ પોતાની આગવી ઓળખ બનાવી હતી. વર્ષ ૨૦૦૨માં તેમણે દુબઈના વાફી મોલથી 'Asha's' નામની ઈન્ડિયન રેસ્ટોરન્ટ શરૂ કરી હતી. આજે તેમના રેસ્ટોરન્ટ્સ દુનિયાભરમાં ફેલાયેલા છે, જેમાં અબુ ધાબી, કુવૈત, દોહા, કતાર અને બહેરીન જેવા મિડલ ઈસ્ટના દેશોનો સમાવેશ થાય છે. આ સિવાય લંડન, મેન્ચેસ્ટર અને બર્મિંગહામ જેવા આંતરરાષ્ટ્રીય શહેરોમાં પણ તેમની રેસ્ટોરન્ટ્સ કાર્યરત છે. આમ, એક સામાન્ય પરિવારમાંથી આવીને પોતાની મહેનત અને વ્યૂહનીતિથી તેમણે કરોડોનું સામ્રાજ્ય ઊભું કર્યું હતું, જેનું મહત્ત્વ હંમેશા રહેશે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**SS No: 223**
વિષય: પ્રકૃતિ અને માનવસંબંધ
શીર્ષક: આપણું સહઅસ્તિત્વ
પ્રકાર: પદ્ય
શબ્દ સંખ્યા: ૧૨૧

કરો જરા દર્શન તો પામશો કે પ્રકૃતિ જ છે પરમાત્મા,
પંચ મહાભૂતોને અનુભવો તો થશે અહેસાસ એ જ આત્મા.

વિશાળે જગવિસ્તારે ધરતી જળ વાયુ અગ્નિ આકાશ છે સર્વત્ર,
અંતર મનદર્શન કરતા પ્રગટે પ્રકૃતિ પુરુષ અત્ર-તત્ર ને સર્વત્ર.

આદિકાળથી માનવજીવન સંબંધ સદા પ્રકૃતિ સંગ સહઅસ્તિત્વ,
જો બનશો સ્વાર્થી બજારૂ લાલચી તો પામશો વિકૃતિ વિનાશ.

મહાબુદ્ધિશાળી માનવી સંવેદનહીન બની પ્રકૃતિ વિનાશે કરે સ્વવિનાશ,
સત્તાધિશોના સ્વાર્થ અહમ નકારાત્મક વિચારે યુદ્ધો કરે સર્વ વિનાશ.

પ્રભુએ તો આપી છે સુંદર સરસપૃથ્વી કરો એને વધુ સુંદર જરા,
માનવી બની પ્રકૃતિપ્રેમી બની પામીએ સત્યમ્ શિવમ્ સુંદરમ્.

પ્રકૃતિ માનવ સહઅસ્તિત્વ સનાતનનો સાદ ઓમકારનો નાદ છે,
આવો હૃદય આનંદે વિશ્ર્વચેતના પ્રકૃતિને કરીએ વંદન.
-દેવેન્દ્ર આચાર્ય (અમદાવાદ)

★★★★★★★

**NOG SSN 0089**
વિષય: પ્રકૃતિ અને માનવ
શબ્દો :૩૨૦ પ્રકાર: ગદ્ય
શીર્ષક: સુભગ મિલન

માનવ અને પ્રકૃતિનું સુભગ મિલન એટલે આપણું અણમોલ જીવન. માનવ પ્રકૃતિ પર સંપૂર્ણ પણે નિર્ભર છે. પ્રકૃતિ, માનવના સહયોગથી ખીલી તેની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે. આમ જોઈએ તો પ્રકૃતિ કુદરતની દેન છે.પ્રકૃતિના સંવર્ધનમાં કુદરતનો અમૂલ્ય ફાળો છે. પ્રકૃતિ અને કુદરત ભિન્ન નથી

એ કુદરતને નયન રમ્ય બનાવવામાં માનવીનો સહયોગ કામ આવે છે. માનવીનું કાર્ય કૌશલ્ય તેને સુંદરતા અર્પે છે, સામાન્ય વાત કહું ગુલાબનો છોડ જંગલમાં કેવો આડેધડ ફૂલેફાલે છે. સુગંધ પામીશું પણ તેની સુંદરતા આંખોને ઊડીને નહી વળગે. એ છોડ કુંડામાં કુશળતાથી ઉછેરીએ જ્યારે સુગંધ અને સૌંદર્ય બંનેનું પાન કરવા મળે છે.

પંચમહાભૂતનો બનેલો માનવ પ્રકૃતિના નિયમનું પાલન કરી પોતાની પ્રતિભા વિકસાવે છે. પ્રકૃતિને અનૂકુળ જીવનનો ઢાંચો બનાવે છે. પ્રકૃતિના સાથ અને સહયોગથી જીવન દીપાવે છે. તેમાં પોતાની કલા અને નિપુણતા ઉમેરી સુંદર જીવન જીવે છે.

પ્રકૃતિનું તાંડવ એટલે સુનામી, વંટોળિયો, વાવાઝોડું અને ધોમ ધખતો તાપ. આ બધાને અમુક અંશે માનવ કાબુમાં લાવી શકે તેવી તેની સમર્થતા છે. જ્યારે તેના હાથ હેઠા પડે ત્યારે બે હાથ જોડી પ્રકૃતિના શરણે ચાલ્યો જાય છે.
પ્રકૃતિનું સામ્રાજ્ય જગમાં ચારેકોર દેખાય છે. આપણે અનુભવીએ છીએ. એ પ્રકૃતિ આપણા જીવનમાં,
ઉમંગ, ઉત્સાહ, પ્રેરણા અને ધગશ રૂપે ચોવીસ કલાક સક્રિય છે. માનવ અને પ્રકૃતિનો સંગમ અદ્વૈત છે.
પ્રકૃતિનું રહસ્ય સમજવું એ માનવીની ગજા બહારની વાત છે. તેની સામે બળવો ન પોકારે. તેનો સહયોગ માણો. પ્રકૃતિ તમારી દોસ્ત અને રાહબર બની જશે. તમને ડગલે ને પગલે સાચા રસ્તે દોરે. તેમાં શંકા કરવી નહીં. એક વાતનું ધ્યાન રાખવું તમારો ઉદ્દેશ નિર્મળ હોવો જોઈએ.

મારો ઈરાદો ખતરનાક હશે તો પરિણામ માટે તૈયાર રહેજો. પછી પ્રકૃતિ તમારી શરમ નહીં રાખે.
૨૧મી સદીમાં માનવી પ્રકૃતિ સાથે કેવા ચેડાં કરે છે. તેના આપણે સહુ સાક્ષી છીએ. આંખે દેખ્યું સદા અસત્ય નથી હોતું. માનવી તેના પરિણામ ભોગવે છે. આ સમયે પ્રકૃતિ પર તમારો કોઈ અંકુશ નહીં રહે. કૃષ્ણ 'ગીતા માં વારંવાર કહે છે. કર્મ કર્યે જા ફળ તો તને મળવાનું જ છે "
પ્રકૃતિ સાથે મિત્ર બનવા હાથ લંબાવી લો. તમને નિરાશ નહી સાંપડે તેની ખાતરી આપું છું જીવન સફળ બનાવવાનો એક માત્ર 'મફત' ઉપાય પ્રકૃતિ સાથે સદ્વ?યવહાર.

પ્રવિનાશ

★★★★★★★

**NOG SS NO: 400**
વિષય-પ્રકૃતિ અને માનવ
શબ્દો-૧૧૫
પ્રકાર-પદ્ય
શીર્ષક-પ્રકૃતિની શીખ

ગોતતી'તી..પૂછતી'તી
નાના મોટા સૌને
કે કહો ને મને
શું છે જીવન જીવવાની રીત ?
આપો મને જીવનની અણમોલ શીખ.

માર્ગમાં મળી એક નદી
બુઝાવી મારી તરસ ને ખળખળ કરતી વહેતી રહી.

આવ્યું જ્યાં આકરુ ચડાણ
ધીમે ધીમે કર્યું ખેડાણ
બુલંદીના ને મકકમતા ના પાઠ ભણતી રહી.

ત્યાં તો વાદળોએ કર્યો ઘેરાવ
બુંદો એ સાથે મળીને કર્યો વરસવાનો ઠેરાવ
એકતાનું દ્રશ્ટાંત એ વાદળી દેતી રહી.

ઉગતા -આથમતા સૂરજ સાથે માંડી ગોઠડી
ઉદય અસ્ત જીવનનો ક્રમ છે માની લે ઓ મારી મીઠડી.

રાતનો ચાંદ ના કરે ફરિયાદ
રોજની ઝીલે વધઘટ
ને જીવનની સચ્ચાઈની અપાવે યાદ.

પંખીઓનો કલરવ
અને ભમરા નો ગુંજારવ
કાનમાં મીઠાશ ઘોળી ગયો
રમતા -રમતા ,ગીતો ગાતા જીવન જીવવું એ ભેદ ખુલી ગયો.

માલા કકકડ
મોરબી

સ્ત્ર★★★★★★

**NOG SS NO. 170**
વિષય: પ્રકૃતિ અને માનવ સંબંધ
પ્રકાર :પદ્ય.શબ્દો : ૧૧૬
શિર્ષક: અમથું અમથું...
કવિ: વિનયકુમાર મહેતા.

અમથું અમથું હસવું આપણું અમથું અમથું રડવું,
અમથા અમથી બાથ્થમ બાથ્થી અમથું આપણું મળવું. અમથું અમથું...

પ્રેમ કરે તો અમથું અમથું; અમથું અમથું લાજવું,
આજકાલની પેઢી નવી પણ અમથું અમથું બાઝવું! અમથું અમથું...

ભણવું ગણવું અમથું અમથું; અમથું ઘર ઘર રમવું,
અમથા અમથી લડવા માટે એકબીજાને પરણવું ! અમથું અમથું...

સંતાકૂકડી અમથી અમથી; અમથો પકડદાવ,
જાણી જોઈને પકડાઈ જવું ને અમથો લેવો દાવ ! અમથું અમથું...

બાળપણ આવે ને જુવાની જાયે, આવે ઘડપણ અમથું,
અમથું અમથું ઘડપણ જો માણે;
તો માણે મૃત્યુ ગમતું ! અમથું અમથું...

-- વિનયકુમાર મહેતા.
બારડોલી.

★★★★★★

**NOG SS No: ?**
વિષય:-માનવ અને પ્રકૃતિ
શીર્ષક:- પ્રકૃતિ માટે જાગૃતિ
પ્રકાર:- પદ્ય શબ્દો:- ૭૦

માનવ જન્મ્યો બન્યો એક વ્યક્તિ,
માનવની સાથ સદા સંગ રહી પ્રકૃતિ,
માનવે સમય સંજોગે બદલી કૃતિ,
પ્રકૃતિ સંગ સંકલિત થઈ જાગૃતિ.
લોભ મોહ માયાથી જન્મી મનોવિકૃતિ,
જંગલો વૃક્ષો કપાયાં બની માનવ વિકૃતિ.
વર્ષાની ઘટ સાથે સૂકી થઈ ધરા લીલી કુદરતી,
'ચંદ્ર' સૂર્યની ઉજ્જ્વળતા પર પડી અંધકારની અભિવ્યક્તિ.
હવે જો જાગે માનવમાં સાચી સંસ્કૃતિ,
તો ફરી ખીલે ધરા હસે ફરી પ્રકૃતિ.
વૃક્ષ વાવો વરસાદ લાવો તો મટે વિકૃતિ,
બને ફરી લીલીછમ હરિયાળી સૃષ્ટિ.
'ચંદ્ર'કાન્ત હરીલાલ માઢક રાજકોટ

# શું આજકાલની ભાજપ બીજી કોંગ્રેસ બની રહી છે?પ્રજાના ગંભીર આક્ષેપ




:
[illegible]
: હરિપ્રકાશજી ને ટીકીટ નહિ તો વોટ નહિ. ડી કેબિન વિસ્તાર ની તમામ સોસાયટી ના સભ્યો તેમજ હોદ્દેદારો ને જય શ્રી રામ સાથે જણાવવાનું કે હરિપ્રકાશ શર્માજી ને સ્થાનિક ચુંટણી મા ટિકિટ અને નામ જાહેર કર્યા પછી રાતોરાત ઉમેદવાર બદલી નાખવામાં આવ્યા તે ખુબજ દુઃખદ છે લોકો ની લાગણી અને માગણી સાથે આ અન્યાય નો જવાબ એકસાથે આ ચુંટણી મા નિષ્ક્રીય રહી ને જવાબ આપવાનો સમય આવ્યો છે...

જય શ્રી રામ ??
: ડી કેબિન વિસ્તાર ની તમામ સોસાયટી ના સભ્યો તેમજ હોદ્દેદારો ને જય શ્રી રામ સાથે જણાવવાનું કે હરિપ્રકાશ શર્માજી ને સ્થાનિક ચુંટણી મા ટિકિટ અને નામ જાહેર કર્યા પછી રાતોરાત ઉમેદવાર બદલી નાખવામાં આવ્યા તે ખુબજ દુઃખદ છે લોકો ની લાગણી અને માગણી સાથે આ અન્યાય નો જવાબ એકસાથે આ ચુંટણી મા નિષ્ક્રીય રહી ને જવાબ આપવાનો સમય આવ્યો છે...

જય શ્રી રામ ??
હરિપ્રકાશ શર્માજી ની મેહનત પાણી માં કોઈ પણ હિસાબે નઈ જવાડાઇએ ટિકિટ નઈ તો વોટ નઈ........
×પ્રિય ડી - કેબિન ના પ્રજાજનો જોગ સંદેશ×
જય ભારત સાથે જાણવાનું કે છેલ્લા કેટલા વર્ષો થી ડી - કેબિન ની પ્રજા એ ભારતીય જનતા પાર્ટી પાણી માંગ્યું અને પ્રજા એ દૂધ આપ્યું છે. પણ ભારતીય જનતા પાર્ટી એ ડી - કેબિન વિસ્તાર ની જનતા સાથે વિશ્વાસઘાત કરી ડી-કેબિન ની પ્રજાને મૂર્ખ બનાવે છે.દરેક ચૂંટણી માં મૂર્ખ બનાવે છે.તો અમારી પ્રજાને નમ્ર અપીલ છે તા.૧૧/૦૪/૨૦૨૬ ના સવારે ૯:૦૦ કલાકે ધારાસભ્ય શ્રી ની ઓફિસ સાહમૂહિક રીતે પ્રજા સ્વયંભૂ નિકળી ને આપણી તાકાત પાર્ટી ને દેખાડવાની છે. સો ડે કેબિન ની પ્રજા,સોસાયટી ના ચેરમેન, સેક્રેટરી વિશાળ સંખ્યામાં જવાનું છે.. સૌ ડી.કેબિન અંડરપાસ આગળ ભેગા થઈ ને સૌ સાથે વિશાલ સંખ્યામાં માં જવાનું છે...આપ સૌનો સહકાર જરૂરી છે.
લી.
ધર્મેશભાઈ શાહ.
મિલાપભાઈ વૈધ.
દીપકભાઈ પટેલ.
મહેન્દ્રભાઈ પટેલ.
રાકેશભાઈ પટેલ.
જયેશભાઈ પટેલ.
મનુભાઈ પટેલ.
રમેશભાઈ પટેલ.
જયંતીલાલ બત્રા.
રાજુભાઈ રાઠોડ.
પ્રતીકભાઈ મેહતા.
સતીશ પટેલ.આકાશભાઈ પંચાલ.
વિનોદભાઈ વૈધ.મહેશ પટેલ

આજકાલ ની ભાજપ બીજી કોંગ્રેસ બની ગઈ છે.

ભારતીય જનતા પક્ષે એક ડી કેબીન વિસ્તાર ના શનિષ્ઠ કાર્યકર ની અવગણના કરી છે.. તેનો અમો વિરોધ કરીએ છીએ.. હરિ પ્રકાશભાઈ શર્માને જો ભારતીય જનતા પક્ષના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં નહી આવે તો ચારમાંથી એક પણ સીટ ભારતીય જનતા પક્ષ જીતશે નહી
કાંતિલાલ પટેલ.
અપક્ષ.ઉમેદવારી.નોઘાવી.હરીપ્ર્કાસજીને.જીતાડી.ડી.કેબીની.તા કાત.ઉપરવાળા.ને.બતાવી.દેવાય.

હું તો વર્ષોથી કહું છું કે ડી કેબિનસાવકો પુત્ર છે ભાજપ ના ડી કેબિન સાથે દર વખતે અન્યાય થયો છે આજે પણ હરિપ્રકાશ શર્મા ની ટિકિટ કાપી ને સાબિત કર્યું છે

# મતદાન પહેલા જ કેસરિયો માહોલ. કડી બિનહરીફ યથાવત.અમરેલીમાં રાજકીય બદલાતા સમીકરણો



૫૫ બેઠકો પર બીજેપી બિનહરીફ જાહેર.
નવસારી ૫ બેઠક પર બિનહરીફ જાહેર
વલસાડની ૫ બેઠક પર બિનહરીફ જાહેર.
કડી નપાની ૩૬માંથી કુલ ૨૩ બેઠક પર બિનહરીફ જાહેર.
ભરૂચ તાલુકાની પંચાયતની પાલેજ ૨ બેઠક પર બિનહરીફ.
આણંદની પેટલાદ પાલિકા વોર્ડ ૩ ભાજપની પેનલ બિનહરીફ.
ખેડા નગરપાલિકા તાલુકાની ૧૧બેઠક બિનહરીફ જાહેર.
મહેમદાવાદ તાલુકા પંચાયત ૨ બેઠક બિનહરીફ જાહેર.
તાપીની વ્યારા નગરપાલિકા વોર્ડ ૫ માં તમામ ઉમેદવાર બિનહરીફ જાહેર.
કચ્છમાં નખત્રાણા નગરપાલિકા ભાજપની ૨સીટ બિનહરીફ જાહેર.
પાટણના શંખેશ્વર ટુવટ બેઠક બિનહરીફ જાહેર.
પંચમહાલની ચલાલી બિનહરીફ જાહેર.
પોરબંદર મહાનગરપાલિકા વોર્ડ ૧૨ પેનલ બિનહરીફ જાહેર.
સુરેન્દ્રનગર મેમકા તેમજ રાજપરડા સીટ પર ઉમેદવાર બિનહરીફ જાહેર.
ગુજરાતની ૧૫ મહા નગરપાલિકા ૮૪ નગરપાલિકા ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત એમ ૧૦,૦૦૫ બેઠકો માટે ઉમેદવારોના ફોર્મ ભરાવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે
. મહાનગરપાલિકા મા ૨૮૦૦ નગરપાલિકામાં ૫૩૦૦ જિલ્લા પંચાયતમાં ૪૪૦૦ તાલુકા પંચાયતમાંથી ૨૦,૦૦૦ થી વધુ ફોર્મ ભરાયા છે
. ૧૫ એપ્રિલ ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ છે અને કઈ બેઠક માટે કેટલા ઉમેદવાર છે તે ચિત્ર સ્પષ્ટ થશે.
પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ નો ગઢ કડીમાં ભાજપનો વિજય ધ્વજ
. ૩૬ માંથી ૨૩ બેઠકો બિનહરીફ
. વિરોધ પક્ષોના સુપડા સાફ કર્યા
. પાટીદાર બહુલ ધરાવતા કડીમાં ૨૭% ઓબીસી અનામત મુદો નિષ્ફળ ઉઝા ની જેમ કડીમાં ભાજપે સર્જીયો ઇતિહાસ
. હરીફ ઉમેદવારોના અભાવે ૨૩ બેઠકો પર કેસરિયો લહેરાયો.
અમરેલી જિલ્લાના બગસરામાં રાજકીય સમીકરણોમાં નવો સૂર્યોદય થયો છે
. અમરેલીના રાજકારણમાં ગ્લેમર નહી યુવા જોશ ની એન્ટ્રી
. ૨૧ વર્ષની નસીગે ની છાત્રાને આપી ટિકિટ શુ વિશ્વા જીતી શકે જનતા નો વિશ્વાસ ?
. સૌથી નાની વયની ઉમેદવાર જે ઉંમરમાં યુવાનો કેરિયરની ચિંતા કરે છે
. તે ઉંમરમાં બગસરા ની વિશ્વા નકુમ નગરપાલિકાના પ્રશ્નો ઉકેલવા મેદાનમાં
. જનસેવા સાથે મેડિકલ નો અભ્યાસ ચાલુ રાખીશ.
અમરેલીના ચૂંટણીના મેદાનમાં ડાયરા ની રમઝટ જેવો માહોલ
. માયાભાઈ આહીર ની પુત્રી સોનલબેન ડેર ની રાજકારણમાં એન્ટ્રી
. ભાજપે ચાવડ બેઠક પર ખેલયો મોટો દાવ
. વારસદાર નો દબદબો
. લોક સાહિત્યના માંડવેથી પંચાયતના આંગણે સાસરી અને પિયર પક્ષના રાજકીય વારસા સાથે સોનલબેન ડેર મેદાનમાં ,શક્તિ પ્રદર્શન સાથે ભર્યું ફોર્મ.



વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ આદરણીય શ્રી ભાવેશભાઈ લાખાણીનું ઉદયપુર ગુજરાતી સમાજમાં પધરામણી બદલ હાર્દિક સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતી સમાજના પ્રમુખ રાજેશ બી. મહેતા, ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને મહિલા મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.
આદરણીય ભાવેશભાઈએ પોતાના ઉદબોધનમાં ગુજરાતી સમાજનો આભાર વ્યક્ત કર્યો હતો. આ માહિતી ગુજરાતી સમાજના પ્રમુખ રાજેશ બી. મહેતા દ્વારા આપવામાં આવી છે.

## જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા રાહતદરે ચકલીના માળા તથા પાણીના કુંડા વિતરણ કાર્યક્રમ યોજાયો




જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા આજ તા.૧૨/૦૪/૨૬ના રોજ બોટાદ હવેલી ચોક ખાતે ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને રાહતદરે ચકલીના માળા તથા પાણીના કુંડા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો તથા ઉનાળામાં પક્ષીઓને પાણી અને આશ્રય મળી રહે તે માટે સમાજમાં સંવેદનશીલતા વધારવાનો હતો.કાર્યક્રમ દરમિયાન નગરજનોમાં ચકલીના માળા તથા પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને સૌને પોતાના ઘર, બારી, ગેલેરી, ઓફિસ તથા આસપાસના વિસ્તારમાં પક્ષીઓ માટે પાણી અને માળાની વ્યવસ્થા કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદના પ્રમુખ પ્રશાંતભાઈ કળથીયા,સ્થાપક પ્રમુખ ડૉ.બદ્રીકીયા સાહેબ,પૂર્વ પ્રમુખ અને ચંદુભાઇ સાવલિયા,પૂર્વ પ્રમુખ કાનજીભાઈ કળથીયા,લાલજીભાઈ કળથીયા ,ગ્રુપના હોદેદારો,બોર્ડ મેમ્બર અને મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા.જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા કરવામાં આવેલ આ સેવાકીય અને પર્યાવરણલક્ષી પહેલને નગરજનો દ્વારા સરાહના મળી હતી. ગ્રુપ દ્વારા આવનારા સમયમાં પણ આવા લોકહિતના કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી હતી.

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બહેતી પરિવાર દ્વારા માતૃશ્રીની પુણ્યતિથિ નિમિત્તે આધુનિક હાઈડ્રોલિક સ્ટ્રેચરનું દાન: સમાજ માટે પ્રેરણાદાયી ઉમદા કાર્ય



GMERS મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ગાંધીનગરના મેડિકલૈં.ઝ.ઝેં માં એક પરિવાર દ્વારા એમના માતૃશ્રીની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે બે આધુનિક મલ્ટીફંકશનલ હાઈડ્રોલિક યુક્ત સ્ટ્રેચરનું દર્દીઓ માટે દાન કરવામાં આવ્યું. મૂળભૂત રાજસ્થાનના નાપાસર નિવાસી બહેતી પરિવારના પરમ આદરણીય વડીલ શ્રી હરી બહેતીના ધર્મપત્ની સ્વ. પુષાદેવી બહેતીની પુણ્યતિથિ નિમિત્તે એમના પારિવારિક સભ્યો શ્રી શૌર્ય બહેતી (પુત્ર), શ્રીમતી અંકિતા શૌર્ય બહેતી (પુત્રવધુ), શ્રીમતી દીશા આશિષજી કારનાની (પુત્રી), દિવ્યા બહેતી (પુત્રી), કાવ્યા બહેતી (પૌત્રી) અને લક્ષય કારનાની (દોહિત્ર) દ્વારા એક ઉમદા અને અનુકરણીય સમાજોપયોગી કાર્ય કરવામાં આવ્યું.

સામાન્ય રીતે પુણ્યતિથિ પર હોસ્પિટલના દર્દીઓ માટે ફળફળાદી, નાસ્તા કે જમવા જેવી થોડા સમય માટે લાભદાયક પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય છે, પણ આ પરિવાર દ્વારા કાયમ માટે દર્દીઓના કામમાં આવી શકે એવી વસ્તુનું દાન કરવાનો વિચાર સમાજના બીજા દાતાઓ માટે પણ અનુકરણીય અને આવકારદાયક ચોક્કસ કહી શકાય. હોસ્પિટલ તરફથી ડો. મીતા પરીખ મેડમ (મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ) તથા ડો. શશી મુદ્રા સર (મેડીસીન વિભાગના યુનિટ વડા) એ ઁ.ઝ.ઝેં સ્ટાફ સહિત ઉપસ્થિત રહી આ પરિવાર થકી આપવામાં આવેલ દાન સ્વીકારી હૃદયથી અભિનંદનની લાગણી સાથે બહેતી પરિવારનું ઋણ સ્વીકાર્યું હતું. આ સાફલ્ય ગાથા સમાજમાં સેવાકીય કાર્યો માટે નવી રાહ ચીંધશે.

## માંડા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ સોમપ્રકાશ, દિનેશ જનરલ સેક્રેટરી અને હરીશ ટ્રેઝરર ચૂંટાયા




માંડા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની દ્વિવાર્ષિક ચૂંટણીઓ તાજેતરમાં પૂર્ણ થઈ છે. ચૂંટણી અધિકારી શ્રી બનવારી શર્માએ સોમપ્રકાશને પ્રમુખ, દિનેશ અગ્રવાલને જનરલ સેક્રેટરી અને હરીશ માલાણીને ટ્રેઝરર તરીકે ચૂંટ્યા. તેમણે શ્રી સુધીર અગ્રવાલને વાલી તરીકે પણ નિયુક્ત કર્યા. આ કાર્યક્રમમાં લગભગ પચાસ ઉદ્યોગસાહસિકો હાજર રહ્યા હતા. ઉદ્યોગસાહસિકોએ આગામી બે વર્ષ માટે સંગઠનનું નિર્માણ ટૂંક સમયમાં થાય તેવી માંગ કરી હતી. તેમણે બદલાતી વૈશ્વિક પરિસ્થિતિ પર પણ ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં સરપંચ બાબુલાલ જી યાદવ, સુમેર જી શેખાવત, રૂડ જી યાદવ અને ઘણા મહાનુભાવોએ ભાગ લીધો હતો. ચૂંટણી દરમિયાન, ૫૦ થી વધુ ઉદ્યોગસાહસિકોએ ભાગ લીધો હતો અને નવા કામદારોનું સ્વાગત કર્યું હતું! બધા અધિકારીઓ અને તેમના પરિવારો, મિત્રો અને શ્યામ સલોના પરિવારના સભ્યોએ તેમને અભિનંદન અને અભિનંદન પાઠવ્યા છે! બધા અધિકારીઓએ વફાદારી અને પ્રામાણિકતા સાથે સંગઠન માટે કામ કરતી વખતે નોકરીદાતાઓના હિતોનું રક્ષણ કરવા માટે શપથ લીધા છે! આ વિસ્તારમાં માંડા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના બેનર હેઠળ ૧૦૦ થી વધુ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ કાર્યરત હોવાના અહેવાલ છે અને વિવિધ પ્રકારના ઉત્પાદનોનું ઉત્પાદન થઈ રહ્યું છે.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, કડી દ્વારા 'Celebration of Success-૨૦૨૬' તેમજ 'Oroja-The Talent Show'નો ભવ્ય કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સંસ્થાના આદરણીય ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને પ્રમુખશ્રી મણીભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

## વાહનો રજિસ્ટ્રેશન કૌભાંડ:રોકડથી વાહન વેરો સ્વીકારવાની પદ્ધતિ કૌભાંડનું કારણ, ઓનલાઈન છતાં રોકડના સેન્ટર ચાલુ રખાયાં

ગાંધીનગર મહાનગરપાલિકામાં વાહન વેરા કૌભાંડ મામલે હજુ ઉચ્ચ અધિકારીઓની આંખ ખુલી નથી પરંતુ લાંબા સમયથી બોગસ પાવતીના આધારે વાહનોના રજિસ્ટ્રેશનનું કૌભાંડ ચાલી રહ્યું હોવાનું બહાર આવી રહ્યું છે. લાંચ પ્રકરણમાં ટેક્સ કલેક્ટર ઉપેન્દ્ર સુતરીયા એસીબીના હાથે પકડાઈને હાલ જેલની હવા ખાઈ રહ્યા છે પરંતુ મહાનગરપાલિકામાં ગોઠવાયેલી રોકડેથી વાહન વેરો વસૂલવાની સિસ્ટમ ભ્રષ્ટાચારનું મૂળ કારણ બની હોવાનું જાણવા મળ્યું છે.મહાનગરપાલિકા દ્વારા ઓનલાઈન વાહન વેરો વસૂલવાનું સોફ્ટવેર કાર્યરત કરવામાં આવ્યું છે છતાં બે સેન્ટર પર ઓફલાઈન એટલે કે રોકડેથી કે ચેકથી વાહન વેરો સ્વીકારવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. આરટીઓના કેટલાક એજન્ટના મેળાપીપણામાં મહાનગરપાલિકાની વાહન વેરા શાખા દ્વારા વેરાની આખી રકમ બારોબાર ગુપચાવી દઈને બદલામાં પેપર પ્રિન્ટ પર રિસિપ્ટ આપીને કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું છે.વાહન વેરામાં બોગસ રિસિપ્ટ કૌભાંડ મોટાભાગે સેકન્ડ હેન્ડ વાહનોના વેચાણના કિસ્સામાં આચરવામાં આવ્યું હતું. જેથી કોઈને ખબર ન પડે, આ પ્રકારના વાહનોમાં મોટાભાગે રોકડથી રકમ ભરી હોવાની રિસિપ્ટ જમા કરાવવામાં આવી છે.મૂળ અન્ય કોઇ વિસ્તારમાં રજિસ્ટર થયેલું વાહન સેકન્ડમાં ખરીદી થઈને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના સરનામે નોંધણી માટે આવે ત્યારે તેમાં વાહન વેરો ભરવાનો હોય છે.

# સારા કાર્યો કરવાનો એક ફાયદો છે કે કોઈ સન્માન કરે કે ના કરે પણ આપણો અંતરાત્મા જરૂર આપણું સન્માન કરે છે...

આજે આપણે ચિંતનાત્મક લેખમાં વિદ્યાર્થીઓ અને કેટલાક સફળતા માટે પ્રયત્ન કરતા યુવા વર્ગ માટે એક પ્રેરણાદાયી વાત કરીએ તો એક સમયે,એક શક્તિશાળી રાજા એક રાજ્ય પર શાસન કરતો હતો. એક દિવસ, એક વિદેશી મહેમાન તેના દરબારમાં આવ્યો અને રાજાને ભેટ તરીકે એક સુંદર પથ્થર આપ્યો.પથ્થર જોઈને રાજા ખુશ થયો.તેણે તેમાંથી ભગવાન વિષ્ણુની મૂર્તિ કોતરીને રાજ્યના મંદિરમાં સ્થાપિત કરવાનું નક્કી કર્યું,અને તેણે મૂર્તિ બનાવવાનું કામ રાજ્ય ના દિવાનને સોંપ્યું.દિવાન ગામના શ્રેષ્ઠ શિલ્પકાર પાસે ગયા અને તેને પથ્થર આપતા કહ્યું,"રાજા મંદિરમાં ભગવાન વિષ્ણુની મૂર્તિ સ્થાપિત કરવા માંગે છે.સાત દિવસમાં આ પથ્થરમાંથી ભગવાન વિષ્ણુની મૂર્તિ બનાવો અને તેને મહેલમાં પહોંચાડો.આ માટે તમને ૫૦ સોનાના સિક્કા આપવામાં આવશે."૫૦ સોનાના સિક્કા વિશે સાંભળીનેશિલ્પકાર ખુશ થયો.દિવાન ગયા પછી,તેણે મૂર્તિ બનાવવાનું કામ શરૂ કરવા માટે પોતાના ઓજારો કાઢ્યા. તેણે પોતાના ઓજારોમાંથી એક હથોડો લીધો અને તેને તોડવા માટે પથ્થર પર મારવાનું શરૂ કર્યું. પરંતુ પથ્થર અકબંધ રહ્યો. શિલ્પકારે હથોડાથી પથ્થર પર ઘણી વાર પ્રહાર કર્યો, પરંતુ તે તૂટ્યો નહીં.

પચાસ વાર પ્રયાસ કર્યા પછી, શિલ્પકારે છેલ્લા પ્રયાસ માટે હથોડો ઉપાડ્યો,પરંતુ તેને મારતા પહેલા,તેણે પોતાનો હાથ પાછો ખેંચી લીધો,વિચાર્યું કે ક્યારે તેમણે તરત જ પોતાનો હાથ પાછો ખેંચી લીધો,કારણ કે જો પચાસ પ્રહાર પછી પથ્થર તૂટ્યો ન હોત,તો તે ચોક્કસપણે હવે તૂટશે નહીં.

તેમણે પથ્થર દિવાન પાસે પાછો લીધો અને જાહેર કર્યું કે આ પથ્થર તોડવો અશક્ય છે; તેથી, ભગવાન વિષ્ણુની મૂર્તિ તેમાંથી કોતરવામાં આવી શકશે નહીં.

દિવાન કોઈપણ સંજોગોમાં રાજાના આદેશનું પાલન કરવા માટે બંધાયેલ હતા.પરિણામે, તેમણે ભગવાન વિષ્ણુની મૂર્તિ બનાવવાનું કામ ગામના એક નમ્ર શિલ્પકારને સોંપ્યું.પથ્થર લઈને, શિલ્પકારે દિવાનની હાજરીમાં જ તેના પર હથોડીથી પ્રહારકર્યો અને પથ્થર એક જ ફટકામાં તૂટી ગયો. પથ્થર તૂટી જતાં,શિલ્પકાર મૂર્તિ બનાવવાનું કામ કરવા લાગ્યો. દરમિયાન,દિવાનએ વિચારવાનું શરૂ કર્યું:"જો પહેલાના શિલ્પકારે ફક્ત એક જ અંતિમ પ્રયાસ કર્યો હોત,તો તે સફળ થયો હોત અને પચાસ સોનાના સિક્કાના ઈનામનો હકદાર બન્યો હોત.

શાસ્ત્રમાં લખ્યું છે કે,અંતકાળે જેનું ચિંતન કરતાં જીવ શરીર છોડે છે તે મય તે થાય છે. અમારા મનમાં તમારા સિવાય કાંઈ નથી એટલે છેલ્લા શ્વાસ સુધી તમારું સ્મરણ-ચિંતન કરતાં અમે પ્રાણત્યાગ કરીશું. તમારા વિરહમાં અમે મરીશું, એટલે તમે તો મળવાના જ. પરંતુ લોકો કહેશે કે, શ્રીકૃષ્ણ સાવ નિષ્ઠુર હતા. ગોપીઓના પ્રાણ ગયા પછી તે મળ્યા. પહેલાં શું ચૂંક આવી?

પ્રાણાયામ કરવાનું અમને દુઃખ નથી, તે તો સહેલાઈથી થઈ જશે. કારણ કે વિરહ અમારાથી ખમાતો નથી,પણ તમારી અપ કીર્તિ થશે તેનું શું? તમે સર્વત્ર છો, એટલે તમારી અમને પ્રાપ્તિ થવાની છે, પણ મર્યા પછી તમારી પ્રાપ્તિ થાય તો તમારી અપકીર્તિ થશે.

ભગવાનની કોઈ ઠેકાણે હાર થઈ નથી,પણ ગોપીઓ સાથે વાત કરવામાં ભગવાનની હાર અને ગોપીઓની જીત થઈ છે. તેથી મહાપ્રભુએ ગોપીઓનો અહીં જયજયકાર ગાયો છે.આ જીવ અને ઈશ્વર વચ્ચેનો સંવાદ છે. જીવની કસોટી કર્યા પછી ઈશ્વર જીવને અપનાવે છે. ગોપીઓની સર્વ રીતે પરીક્ષા કર્યા પછી જ તેઓને શ્રીકૃષ્ણે દિવ્ય રસનું- અદ્વૈત રસનું પાન કરાવ્યું છે.

ભગવાન હારી ગયા! ભગવાને વિચાર્યું કે, ગોપીઓનો પ્રેમ સાચો છે. આજે હું તેમનો ત્યાગ કરીશ તો તેઓ પ્રાણત્યાગ કરશે. પ્રભુને ખાતરી થઈ કે, આ જીવ શુદ્ધ ભાવથી મને મળવા આવ્યો છે એટલે ભગવાને તેને અપનાવ્યો. જીવ-શિવમાં છેવટે જીવ પોતે શિવરૂપ થાય,શિવ હારે એ જ શિવને ભાવતું હોય છે. એટલે છેવટે પરમાત્માની હાર થઈ અને સખીઓની જીત થઈ. તેથી પ્રભુએ અનેક સ્વરૂપો ધારણ કર્યાં. પ્રભુએ જેટલી ગોપીઓ છે; તેટલાં સ્વરૂપ ધારણ કર્યાં. પ્રત્યેક ગોપી પાસે એક એક સ્વરૂપને રાખી રાસનો આરંભ કર્યો. અષ્ટ સખીઓ સેવામાં હાજર છે.હજારો જન્મથી વિખૂટો પડેલો જીવ પ્રભુની સન્મુખ આવ્યો.ગોપી શ્રીકૃષ્ણની સન્મુખ આવી. પ્રભુએ છાતી સાથે મેળવી આલિંગન આપી ગોપીઓને પરમાનંદનું દાન કર્યું. જીવ-ઈશ્વરનું મિલન થયું. જીવ-ઈશ્વર એક બન્યા. જીવ ઈશ્વરનું મિલન થતાં પરસ્પરને અતિશય આનંદ થયો. ગોપી શ્રીકૃષ્ણમય થઈ છે. ગોપીઓના હાથમાં બે હાથ આપ્યા છે અને નૃત્ય કરે છે.ગોપીઓ શ્રીકૃષ્ણ સાથે આનંદથી નાચે છે.

અદ્વૈત સિદ્ધાંતના આચાર્ય શુકદેવજીએ રાસલીલામાં અદ્વૈતનું વર્ણન કર્યું છે. રાસમાં સંગીત,સાહિત્ય, નૃત્યનો સમન્વય હોય છે.આ રાસલીલા માં કામની ગંધ નથી. રાસલીલા ખુલ્લા મેદાનમાં થયેલી છે અને દેવો, ગંધર્વો, નારદ, બ્રહ્માજી વગેરે રાસલીલા આવ્યા છે. રાસલીલાનાં દર્શન કરતાં બ્રહ્માજી વિચાર કરે છે કે, શ્રીકૃષ્ણ અને ગોપીઓ નિષ્કામ છે,પણ શ્રીકૃષ્ણાવતાર ધર્મ મર્યાદા માટે છે.શ્રીકૃષ્ણ આ પ્રમાણે પરસ્ત્રીઓ સાથે રમે તો ધર્મની મર્યાદાનો ભંગ થાય છે. બ્રહ્માજી રજોગુણનાઅધિષ્ઠાતા દેવ છે.જેની આંખમાં રજોગુણ હોય તે જ્યાં દોષ ન હોય ત્યાં પણ દોષ શોધી કાઢે છે.બ્રહ્માના મનમાં શંકા પેદા થઈ.

પ્રભુએ વિચાર કર્યો કે, બ્રહ્માને ખબર નથી કે આ ધર્મ નથી.આ તો ધર્મનું ફળ છે. આ તો ધર્મી મળવા છતાં હજુ ધર્મને જ પકડી રાખે છે!

પ્રભુએ તે સમયે ગમ્મત કરી. પ્રભુએ પ્રત્યેક ગોપીને પોતાના સ્વરૂપનું દાન કરી શ્રીકૃષ્ણરૂપ બનાવી દીધી. બ્રહ્મા જુએ છે તો સર્વ શ્રીકૃષ્ણ જ છે. શ્રીકૃષ્ણ જ પોતાના સ્વરૂપ સાથે રમે છે. હવે ગોપી ગોપી રહી નથી.બધા પિતાંબરધારી શ્રીકૃષ્ણ જ છે.શ્રી કૃષ્ણ જ શ્રીકૃષ્ણની સાથે છે. બધાં રમેશ,બધાં રમાપતિ.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી,આપણે પણ આપણા જીવનમાં આવી પરિસ્થિતિઓ નો વારંવાર સામનો કરીએ છીએ ઘણીવાર-કોઈ કાર્ય હાથ ધરતા પહેલા, અથવા આપણી સામે આવતી સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરતા પહેલા- આપણો આત્મવિશ્વાસ ડગમગી જાય છે, અને આપણે કોઈ પણ પ્રયાસ કર્યા વિના હાર માની લઈએ છીએ. ક્યારેક,ફક્ત એક કે બે પ્રયાસોમાં નિષ્ફળતાનો સામનો કર્યા પછી,આપણે આગળ પ્રયાસ કરવાનું બંધ કરી દઈએ છીએ. છતાં, એ સંપૂર્ણપણે શક્ય છે કે ફક્ત થોડા વધુ પ્રયાસોથી, કાર્ય પૂર્ણ થઈ ગયું હોત અથવા સમસ્યાનું નિરાકરણ થઈ ગયું હોત.જો કોઈ વ્યક્તિ જીવનમાં સફળતા મેળવવા માંગે છે,તો તેણે પ્રયાસ કરવાનું છોડી દેવું જોઈએ નહીં- વારંવાર નિષ્ફળતાઓનો સામનો કરવા છતાં પણ જ્યાં સુધી સફળતા ન મળે.કોણ જાણે? આપણે જે પ્રયાસ છોડી દેવાનું નક્કી કરીએછીએ તે જઆપણો છેલ્લો પ્રયાસ હોઈ શકે છે-જે આપણને સફળતા અપાવતો હતો.અસ્તુ.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર. થરા

## ગાંધીનગર ડીમાર્ટમાંથી ઘીના પાઉચની ચોરી: ૨૦ દિવસમાં ૪૪ હજારના ઘીના પાઉચ ચર્યો, પોલીસે આરોપીની અટકાયત કરી




ગાંધીનગરના સેક્ટર-૨૬માં આવેલા ડીમાર્ટ મોલમાં છેલ્લા ૨૦ દિવસથી ચાલી રહેલી ઘીના પાઉચની ચોરીનો પર્દાફાશ થયો છે. મોલ મેનેજમેન્ટે વાવોલના વતની સુરપાલસિંહ ઠાકોરને લોટની થેલીમાં ૧૩ પાઉચ છુપાવીને લઈ જતા રંગેહાથ ઝડપી પાડી સેક્ટર-૨૧ પોલીસને હવાલે કર્યો છે. સીસીટીવી ફૂટેજ અને સ્ટોકની તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીએ અત્યાર સુધીમાં અંદાજે ?૪૪,૦૦૦ની કિંમતના કુલ ૧૪૩ ઘીના પાઉચની ચોરી કરી હતી.

ઘટનાની વિગતો મુજબ, સેક્ટર-૨૬ ડીમાર્ટના સ્ટોર મેનેજર તુષારભાઈ ગાયકવાડને છેલ્લા ૨૦ દિવસથી સ્ટોકની ગણતરી દરમિયાન મધુર અને અમુલ ઘીના ૫૦૦ ગ્રામના પાઉચમાં સતત ઘટ જણાતી હતી. આ મામલે શંકા જતાં સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા હતા, જેમાં એક શખ્સ ઘઉંના લોટની થેલીની અંદર કંઈક છુપાવીને લઈ જતો શંકાસ્પદ જણાતા સ્ટાફને સતર્ક કરી દેવામાં આવ્યો હતો.ગત ૧૦ એપ્રિલના રોજ સાંજે જ્યારે આ શંકાસ્પદ શખ્સ ફરીથી મોલમાં ખરીદી કરવા આવ્યો અને એક્ઝિટ ગેટ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે મેનેજરે તેને અટકાવી બિલની માંગણી કરી હતી. બિલમાં માત્ર ઘઉંના લોટની બે થેલીઓ જ નોંધાયેલી હતી, પરંતુ તપાસ કરતા થેલીની અંદરથી અમુલ ઘીના ૫૦૦ ગ્રામના ૧૩ પાઉચ બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat